# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

## પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

બ્લોક નં.૧૨ પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

## વિધાસહાયક ભરતી અંગેની પૂરક જાહેરાત

**વિધાસહાયકની ભરતી કરવા માટે ચૂંટણી આચાર સંહિતાના કારણે તા.૦૯/૧૦/૨૦૧૨ની જાહેરાત અન્વયે અરજીફોર્મ સ્વીકારવાની કાર્યવાહી મોકુફ રાખેલ હતી. ચૂંટણી આચાર સંહિતા પુર્ણ થતાં રાજ્ય સરકાર દ્વારા અરજીઓ સ્વીકારવાનો નિર્ણય કરેલ છે. જેના અનુસંધાને ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ ઓન-લાઇન મંગાવવામાં આવે છે. ઉમેદવારે આ કચેરીની વેબ સાઇટ www.vidyasahayakgujarat.org તથા www.ptcgujarat.org ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ તા.૦૮/૦૧/૨૦૧૩ થી તા.૧૭/૦૧/૨૦૧૩ દરમિયાન ઓન-લાઇન અરજી કરવાની રહેશે.**

(૧) ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સમિતી દ્વારા તા.૨૪/૦૯/૨૦૧૨ ની જાહેરાત અન્વયે જે ઉમેદવારોએ તા.૦૯/૧૦/૨૦૧૨ સુધીમાં ઓન-લાઇન અરજી કરેલ છે. તેવા ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહીં.

(૨) જે ઉમેદવારે ઓન-લાઇન અરજી કરેલ હોય પરંતુ અરજી ફોર્મ જરુરી ફી સાથે નિયત કરેલ જિલ્લા સ્વીકાર કેન્દ્ર ઉપર જમા કરાવેલ ન હોય તો તેઓએ અરજી નિયત સ્વીકાર કેન્દ્ર ઉપર જમા કરાવવાની રહેશે.

(૩) **જિલ્લા શિક્ષણ સમિતિ તથા નગર શિક્ષણ સમિતિની ભરવાપાત્ર જગ્યાઓની વિગતવાર માહિતી, શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાત અંગેની વિગતો અને અરજી પત્રક ઓન-લાઇન ભરવા માટેની સૂચનાઓ ઉપરોક્ત વેબસાઇટ પર ઉપલબ્ધ છે.**

(૪) વિધાસહાયક અંગેનું ઓન-લાઇન અરજી પત્રક ઉપરોક્ત વેબસાઇટ ઉપર ઓન-લાઇન તા.૦૮/૦૧/૨૦૧૩ સવારના ૧૦:૦૦ કલાકથી ***તા.૧૭/૦૧/૨૦૧૩ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક*** સુધી ભરી શકાશે. ઓન-લાઇન અરજી ફોર્મ કોઇપણ કમ્પ્યૂટર કે જેની સાથે ઇન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપરથી ભરી શકાશે.

(૫) અરજી પત્રકની પ્રિન્ટ કરેલી કોપી નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર તા.૦૮/૦૧/૨૦૧૩ થી તા.૧૭/૦૧/૨૦૧૩ સુધી રુબરુમાં (રવિવાર અને જાહેર રજા સિવાય) સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.

(૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૨૦૧૨-૫૫૨૨૩૧-ક, તા.૦૨/૦૧/૨૦૧૩ અન્વયે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટે વિધાસહાયકની ભરતી માટેની મહત્તમ વય-મર્યાદા ૨૮ વર્ષને બદલે ૩૦ વર્ષ કરવાનું ઠરાવેલ છે. આથી તા.૧૦/૧૦/૨૦૧૨ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૦ વર્ષ કરતાં વધુ હોવી જોઇશે નહીં. અનામત કક્ષાના ઉમેદવારો, મહિલા, શારીરિક રીતે અશક્તતા ધરાવતા તથા માજી સૈનિકો માટે નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. સરકારશ્રીના શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧-૨૦૧૧-સીંગલ ફાઇલ-૭-ક, તા.૧૧/૦૭/૨૦૧૧ મુજબ જે તે કેટેગરી માટે નિયત કરેલ ઉપલી વયમર્યાદામાં વધુ પાંચ(૫) વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે. મળવાપાત્ર તમામ છુટછાટ સાથેની ઉંમર નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇએ નહીં.

(૭) ઉપરોક્ત વિગતો સિવાયની ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતી દ્વારા તા.૨૪/૦૯/૨૦૧૨ ના રોજ આપવામાં આવેલ જાહેરાતમાં દર્શાવેલ અન્ય શરતો/વિગતો યથાવત રહે છે. તા.૨૪/૦૯/૨૦૧૨ની જાહેરાત ઉપરોક્ત વેબસાઇટ ઉપર જોવા મળશે.

**મનોજ અગ્રવાલ**(I.A.S.)
અધ્યક્ષ,
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ
અને કમિશનર, પ્રાથમિક શિક્ષણ,એમ.ડી.એમ.
અને સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, એસ.એસ.એ.,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

તા.૦૮/૦૧/૨૦૧૩
સ્થળ: ગાંધીનગર

જા.ક્ર.વિસભ:૦૧-૦૨-૦૩/૨૦૧૨.(પૂરક-૨)

VSB@PM/VSB-2012_AdvtWeb_03